RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)


* Volume : 11 * Issue No. 362 * Date: 22.10.2025,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# દિવાળી પર PM મોદીનો રાષ્ટ્રના નામે પત્ર, ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ અને સ્વદેશી અપનાવવા હાકલ



દિવાળીના શુભ પર્વ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવતો એક પત્ર લખ્યો છે, જેમાં તેમણે રાષ્ટ્રીય સિદ્ધિઓ, આર્થિક પ્રગતિ અને નાગરિકોની ફરજો પર ભાર મૂક્યો છે. તેમણે પત્રમાં લખ્યું 'અયોધ્યામાં રામ મંદિરના ભવ્ય નિર્માણ પછી આ બીજી દિવાળી છે. ભગવાન શ્રી રામ આપણને ધર્મનું પાલન કરવાની અને અન્યાય સામે લડવાની હિંમત આપે છે. આનું એક આબેહૂબ ઉદાહરણ થોડા મહિના પહેલા ઓપરેશન સિંદૂરમાં જોવા મળ્યું હતું, જ્યારે ભારતે ધર્મનું સમર્થન કર્યું અને અન્યાયનો બદલો લીધો.'પ્રધાનમંત્રી મોદીએ પત્રમાં દેશની અન્ય મોટી સિદ્ધિઓ પર પણ પ્રકાશ પાડ્યો. તેમણે લખ્યું કે, 'તાજેતરમાં ઘણાટ લોકોએ હિંસાનો માર્ગ છોડીને વિકાસના મુખ્ય પ્રવાહને અપનાવ્યો છે અને બંધારણમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે, જે રાષ્ટ્ર માટે એક મોટી સિદ્ધિ છે. આ સિદ્ધિઓ વચ્ચે, દેશે આગામી પેઢીના સુધારા શરૂ કર્યા છે, જેમાં નવરાત્રિના પહેલા દિવસે ઓછા જ્ઞ્ દર લાગુ કરવાનો સમાવેશ થાય છે.'

વિકસિત ભારત તરફની સફર પર ભાર મૂકતા પીએમ મોદીએ લખ્યું કે, 'અનેક કટોકટીનો સામનો કરી રહેલી દુનિયામાં, ભારત સ્થિરતા અને સંવેદનશીલતા બંનેના પ્રતીક તરીકે ઉભરી આવ્યું છે. ભારત નજીકના ભવિષ્યમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે.'પ્રધાનમંત્રીએ પોતાના પત્રમાં દેશવાસીઓને 'સ્વદેશી'ને અપનાવવા વિનંતી કરી છે. તેમણે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને પ્રોત્સાહન આપવા, બધી ભાષાઓનો આદર કરવા અને સ્વચ્છતા જાળવવા માટે પણ અપીલ કરી.આરોગ્યને પ્રાથમિકતા આપવા અંગે તેમણે યોગ અપનાવવાનું સૂચન કર્યું અને સાથે જ દેશવાસીઓને તેલનો વપરાશ ૧૦ ટકા ઘટાડવાનું પણ સૂચન કર્યું હતું. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ બધા પ્રયાસો ભારતને ઝડપથી વિકસિત રાષ્ટ્ર તરફ લઈ જશે.




# 'પ્રાઈવેટ પાર્ટને સ્પર્શ પણ દુષ્કર્મ ગણાશે..' બોમ્બે હાઈકોર્ટે સગીર પીડિતાના નિવેદનને પૂરતું ગણાવ્યું



બોમ્બે હાઈ કોર્ટની નાગપુર બેન્ચે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે, જેમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે બાળકો સાથે સહેજ પણ અશ્લીલ હરકત કરવી તે પણ દુષ્કર્મની શ્રેણીમાં ગણાવી જોઈએ. જસ્ટિસ નિવેદિતા મહેતાએ, વર્ધા જિલ્લાના હિંગણઘાટના રહેવાસી અને ડ્રાઈવર એવા ૩૮ વર્ષીય આરોપીની અરજી ફગાવી દેતી વખતે આ ટિપ્પણી કરી હતી. આ આરોપી પર ૫ અને ૬ વર્ષની બાળકીઓ સાથે ગંદી હરકત કરવાનો આરોપ હતો. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું કે આ પોક્સો (ૈંઝર્જી) કાયદા હેઠળનો કેસ છે અને આરોપીની ૧૦ વર્ષની સજા યથાવત રાખવામાં આવી છે. જસ્ટિસ મહેતાએ નોંધ્યું કે, 'પીડિતાને કોઈપણ પ્રકારના જાતીય ઈરાદાથી સ્પર્શ કરવો અથવા અશ્લીલ હરકતનો પ્રયાસ કરવો એ પણ દુષ્કર્મ ગણાય.'

માહિતી અનુસાર, આરોપીએ બાળકોને જામફળ આપીને લલચાવ્યા અને ત્યારબાદ તેમને અશ્લીલ વીડિયો બતાવ્યા હતા. આ કૃત્ય પછી, આરોપીએ તેમનું જાતીય શોષણ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સંદર્ભે, આરોપી વિરુદ્ધ પોક્સો એક્ટ અનેૈંઝની કલમ ૩૭૬(૨)ૈ() તથા ૫૧૧ હેઠળ ગુનો નોંધાયો હતો. નીચલી અદાલતે આરોપીને ?૫૦,૦૦૦નો દંડ પણ ફટકાર્યો હતો.?જસ્ટિસ મહેતાએ સ્પષ્ટ કર્યું કે, 'પીડિતાઓ અને તેમની માતાના નિવેદનો તેમજ ફોરેન્સિક પુરાવાઓ એ વાતની પુષ્ટિ કરે છે કે તેની સાથે જાતીય શોષણનો પ્રયાસ થયો હતો. જો ઘટનાના ૧૫ દિવસ પછી મેડિકલ તપાસમાં પીડિતાના પ્રાઈવેટ પાર્ટ પર ઈજાના નિશાન ન મળે, તો તેનો અર્થ એવો નથી કે આરોપીએ જાતીય શોષણ કર્યું જ નથી. પ્રાઈવેટ પાર્ટને સ્પર્શ પણ દુષ્કર્મ જ છે.' આની સામે, આરોપીએ પોતાની અરજીમાં દાવો કર્યો હતો કે પીડિતાના પરિવાર સાથેની જૂની દુશ્મનીને કારણે તેના પર ખોટા આરોપો મૂકવામાં આવ્યા છે.જસ્ટિસ મહેતાના મતે, ગુનાની ઘટના સમયે પોક્સો એક્ટમાં જે જોગવાઈઓ હતી, તે મુજબ જ સજા થવી જોઈએ. જોકે ઓગસ્ટ ૨૦૧૯માં કાયદામાં સુધારા કરીને લઘુત્તમ ૨૦ વર્ષની સજાની જોગવાઈ ઉમેરવામાં આવી હતી. તેમ છતાં, બેન્ચે આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા જાળવી રાખી, એવું તારણ આપીને કે આટલી સજા તેના માટે યોગ્ય અને પર્યાપ્ત છે.

# દિવાળીએ રાજ્યમાં આગ લાગવાથી ૫૬ લોકો દાઝ્યા : અકસ્માતના ૯૧૬ અને શ્વાસની તકલીફના ૩૮૦ કોલ મળ્યા



દિવાળીના પ્રકાશ પર્વની રાત્રિ અમદાવાદ સહિત સમગ્ર રાજ્ય માટે આકસ્મિક ઘટનાઓથી ભરેલી રહી. ફટાકડાની ભારે આતશબાજીના કારણે આગ લાગવાના, દાઝી જવાના અને શ્વાસની બીમારીના અનેક બનાવો સામે આવ્યા હતા. અમદાવાદ શહેરમાં દિવાળીની સાંજે ૫ વાગ્યાથી વહેલી સવારે ૬ વાગ્યા સુધીમાં આગ લાગવાના ૮૦ જેટલા બનાવો નોંધાયા હતા, જેમાં પીરાણા પીપળજ રોડ પરની દોરા બનાવતી ફેક્ટરીમાં લાગેલી આગમાં ફાયર બ્રિગેડે એક વ્યક્તિને બેભાન હાલતમાં બચાવી લીધો હતો.

આ ઉપરાંત, સમગ્ર રાજ્યમાં દાઝી જવાના કુલ ૫૬ બનાવ સામે આવ્યા હતા, જેમાં સૌથી વધારે ૧૭ લોકો અમદાવાદમાં દાઝી ગયા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સને સામાન્ય દિવસો કરતાં ૫૬૫ વધુ, એટલે કે કુલ ૫,૩૮૯ ઈમરજન્સી કોલ મળ્યા હતા. રોડ અકસ્માતના ૯૧૬ કોલ અને હવાની ગુણવત્તા ખરાબ થવાથી શ્વાસ લેવામાં તકલીફના ૩૮૦ કોલ પણ મળ્યા હતા.

અમદાવાદ ફાયર બ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ, દિવાળીના દિવસે રાત્રે શહેરના વિવિધ વિસ્તારોમાં ફટાકડાના કારણે આગ લાગવાના બનાવો સામે આવ્યા હતા. સૌથી વધારે કચરા અને મકાનમાં આગ લાગવાના કોલ ફાયરબ્રિગેડની ટીમને મળ્યા હતા. શહેરના પીરાણા પીપળજ રોડ ઉપર ભરવાડવાસ પાસે આવેલી મહાલક્ષ્મી ટેક્સટાઈલ નામની દોરા બનાવતી ફેક્ટરીમાં આગ લાગવાની ઘટના બની હતી. જ્યાં ફાયર બ્રિગેડની પાંચથી છ ગાડીઓ ઘટનાસ્થળ ઉપર પહોંચી હતી. ફેક્ટરીમાં એક વ્યક્તિ ફસાયો હોવા અંગેની પણ માહિતી હતી. જેથી ફાયર બ્રિગેડ સૌથી પહેલા તેને બચાવવાના પ્રયાસ ચાલુ કર્યા હતા.

ફાયર બ્રિગેડ દ્વારા પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ લેવાના પ્રયત્નો શરૂ કર્યા હતા. બીજી તરફ બાજુમાં આવેલી ફેક્ટરીમાંથી અંદર જવા માટે અડીને આવેલી દિવાલમાં બાકોરું પાડવામાં આવ્યું હતું.

## અંક બંધ

ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક અખબાર કાર્યાલય બેસતુવર્ષ અને ભાઈબીજની રજા પાળશે જેથી ૨૩ અને ૨૪ ઓક્ટોબર ૨૦૨૫ના અંકો પ્રસિદ્ધ નહી થાય તારીખ ૨૬ ઓક્ટોબર ૨૦૨૫થી અંકો રાબેતા મુજબ પ્રસિદ્ધ થશે જેની સર્વે વાંચક મિત્રોએ નોંધ લેવી

નૂતન વર્ષાભિનંદન

તંત્રી લેખ

## ઘરેલુ સંસ્થાકીય રોકાણકારો દ્વારા ઈક્વિટીમાં રૂ. ૬ લાખ કરોડનો વિક્રમી નેટ ઈન્ફલો

મુંબઈ : ૨૦૦૭થી જ્યારથી બીએસઈ દ્વારા ઘરેલુ સંસ્થાકીય રોકાણકારોના રોકાણ ડેટા જાળવવાનું શરૂ કરાયું છે ત્યારથી ૧૮ વર્ષના ગાળામાં ૨૦૨૫માં પહેલી જ વખત ઘરેલુ સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ)નો ઈક્વિટી સેગમેન્ટમાં નેટ ફલો રૂપિયા ૬ લાખ કરોડને પાર કરી ગયો છે. કોઈ એક કેલેન્ડર વર્ષમાં ડીઆઈઆઈનું આ સૌથી વધુ ઈક્વિટી રોકાણ રહ્યું છે એમ પ્રાપ્ત ડેટા પરથી કહી શકાય એમ છે.૨૦૨૪ના કેલેન્ડર વર્ષમાં ડીઆઈઆઈ દ્વારા ભારતીય બજારમાં રૂપિયા ૫.૨૬ લાખ કરોડ ઠલવાયા હતા. ઘરેલુ સંસ્થાકીય રોકાણકારોમાં બેન્કો, મ્યુચ્યુઅલ ફન્ડસ, વીમા કંપનીઓ, પેન્શન સ્કીમ્સનો મુખ્યત્વે સમાવેશ થાય છે. બજારમાં નરમાઈની સ્થિતિમાં પણ ફન્ડ હાઉસોની ઈક્વિટી સ્કીમમાં સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) મારફત નાણાંનો પ્રવાહ જળવાઈ રહેતા બજારમાં સંસ્થાકીય રોકાણની ગતિ જળવાઈ રહી છે. એક તરફ ડીઆઈઆઈની લેવાલી જ્યારે બીજી તરફ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ)એ વર્તમાન વર્ષમાં અત્યારસુધીમાં રૂપિયા ૨.૦૩લાખ કરોડ પાછા ખેંચી લીધા છે. જો કે તેમણે પ્રાઈમરી માર્કેટ મારફત ઈક્વિટીસમાં રૂપિયા ૫૦,૦૦૦ કરોડ જેટલા ઠાલવ્યા છે. એફઆઈઆઈ માટે હાલમાં અમેરિકા, ચીન, બ્રાઝિલ તથા જર્મની આકર્ષક મથકો બની રહ્યા છે. આ બજારોમાં એફઆઈઆઈના સારા વળતર મળી રહ્યા છે.

# ભારતીય બેન્કોમાં હિસ્સો ખરીદવા વિદેશી નાણાં સંસ્થાઓના ઉત્સાહમાં થયેલો વધારો



મુંબઈ : ભારતીય બેન્કોમાં હિસ્સા ખરીદવા વિદેશી બેન્કો અથવા નાણાં સંસ્થાઓના વધી રહેલા રસને પગલે દેશનું નાણાં ક્ષેત્ર વૈશ્વિક સ્તરે હાલમાં ચર્ચાનો વિષય બની રહ્યું છે. દેશના નાણાંકીય ક્ષેત્રમાં વૈશ્વિક રોકાણકારોનો રસ એવા સમય ઊભો થયો છે જ્યારે અમેરિકામાં પ્રાદેશિક બેન્કોની વિશ્વસ્નિયતા ઘટી રહી છે અને વેપાર તાણે રોકાણકારોનો વિશ્વાસ ડગમગાવી દીધો છે.

ગયા સપ્તાહના અંતે અમિરાતસ એનબીડી બેન્ક પીજેએસસીએ ભારતની આરબીએલ બેન્કમાં અંદાજે ૩ અબજ ડોલરના રોકાણની યોજના હોવાનું નિવેદન કર્યું હતું. એનબીડીનું આ સૂચિત રોકાણ દેશની બેન્કિંગ ક્ષેત્રમાં અત્યારસુધીનું સૌથી મોટું વિદેશી રોકાણ બની રહેશે. આ અગાઉ વર્તમાન મહિનાના પ્રારંભમામં અબુધાબીની ઈન્ટરનેશનલ હોલ્ડિંગ કું. પીજેએસસીએ એક અબજ ડોલર ઠાલવવા સમ્માન કેપિટલ લિ. સાથે કરાર કર્યા હતા. આ સિવાય સુમિતોમો મિત્સુઈ ફાઈનાન્સિઅલ ગ્રુપ ઈન્ક.ના બેન્કિંગ યુનિટે યસ બેન્કનો વીસ ટકા હિસ્સો મેળવવા ૧.૬૦ અબજ ડોલરનું રોકાણ કરવા સહમતિ દર્શાવી હતી. વિશ્વમાં ભારત આજે ઝડપથી વિકસી રહેલું અર્થતંત્ર છે ત્યારે નાણાંકીય સેવા ક્ષેત્રમાં રોકાણ માટે વૈશ્વિક રોકાણકારો ઉત્સાહ ધરાવી રહ્યા છે. રિઝર્વ બેન્ક પણ દેશમાં ધિરાણ વૃદ્ધિને ગતિ આપવા ધિરાણ ધોરણો હળવા બનાવી રહી છે. જે નાણાંકીય સેવા ક્ષેત્ર માટે સ્થિતિ સાનુકૂળ બનાવશે.અમેરિકામાં ટ્રાયકલર હોલ્ડિંગ્સ અને ફર્સ્ટ બ્રાન્ડસ ગ્રુપ નબળી પડયાના તાજેતરના અહેવાલોએ રોકાણકારોમાં ભયનું વાતાવરણ ઊભુ કર્યું હતું. આ અહેવાલ બાદ અમેરિકામાં બેન્કિંગ ક્ષેત્રના શેરોના ભાવ ગયા સપ્તાહમાં નોંધપાત્ર તૂટી ગયા હતા. જો કે ભારતીય બેન્કોમાં હિસ્સો હસ્તગત કરી વિદેશી બેન્કોએ સફળતા મેળવી હોવાનું બહુ ઓછું જોવા મળ્યું છે, એમ એક બેન્કરે જણાવ્યું હતું. વિદેશી બેન્કો દ્વારા હિસ્સાની ખરીદી બાદ સંબંધિત બેન્કના નફા તથા આવકમાં વધારો થયો હોવાનું ભાગ્યેજ પ્રદર્શિત થયું છે. બેન્કિંગ ક્ષેત્રમાં ભારત એક સ્પર્ધાત્મક બજાર છે.

## ધનતેરસે નવો રેકોર્ડ, ૧ લાખથી વધુ કારની ડિલિવરી



અમદાવાદ : હાલ ચાલી રહેલી તહેવારોની મોસમ દરમિયાન પેસેન્જર વાહન બજાર તેજીમાં છે. ઓટોમેકર્સે ધનતેરસ પર માત્ર રેકોર્ડબ્રેક વેચાણ જ કર્યું છે તેમ નહીં, પરંતુ ઉદ્યોગે એક જ દિવસમાં રૂા. ૧૦૦,૦૦૦ થી વધુ વાહનોની ડિલિવરી કરીને એક નવો રેકોર્ડ પણ બનાવ્યો હતો. પ્રતિ વાહન સરેરાશ રૂ. ૮.૫ થી રૂા. ૧૦ લાખની કિંમત ધારીએ તો, એક જ દિવસમાં વેચાણ આશરે રૂા. ૮,૫૦૦ થી રૂા. ૧૦,૦૦૦ કરોડ જેટલું થયું હતું. ઓટો ડીલર્સ એસોસિએશન, ફાડાએ જણાવ્યું હતું કે, ઉદ્યોગે પહેલી વાર એક જ દિવસમાં ૧૦૦,૦૦૦ થી વધુ વાહનોના વેચાણનો આંકડો પાર કર્યો છે. આ માત્ર અત્યાર સુધીની શ્રેષ્ઠ ધનતેરસ જ નહીં, પરંતુ નવરાત્રી પણ શ્રેષ્ઠ હતી. અને અમને આગામી સમય દરમિયાન પણ સારા વેચાણની અપેક્ષા છે. આ વેચાણ મુખ્યત્વે નાની કાર બજારમાં નવા ઉત્સાહને કારણે છે. ઉદ્યોગના સૂત્રો કહે છે કે અગાઉનું સૌથી વધુ એક દિવસનું વેચાણ લગભગ ૭૫,૦૦૦ થી ૮૦,૦૦૦ વાહનોનું હતું.

બજારહિસ્સાની દ્રષ્ટિએ દેશની સૌથી મોટી કાર ઉત્પાદક, મારુતિ સુઝુકીએ ધનતેરસ પર અત્યાર સુધીનું સૌથી વધુ વેચાણ કર્યું છે. ઉત્સવના ઉત્સાહ અને જીએસટી ૨.૦ દ્વારા આપવામાં આવેલી રાહતને કારણે, કંપનીએ પહેલીવાર ધનતેરસ પર ૫૦,૦૦૦ ના આંકડાને પાર કર્યો હતો.

## ટેરિફ બાદ નિકાસકારો અન્ય બજારો તરફ વળ્યા, છ માસમાં ૨૪ દેશોની નિકાસ વધી

અમદાવાદ : ભારતીય નિકાસકારો હવે વિશ્વના વિવિધ દેશો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં ૨૪ દેશોમાં નિકાસ વધી હતી, પરંતુ ઊંચા ટેરિફને કારણે સપ્ટેમ્બરમાં અમેરિકા ખાતે થતી નિકાસમાં ઘટાડો થયો હતો. સરકારી ડેટા સ્પષ્ટપણે દર્શાવે છે કે બજાર વિસ્તરણ વ્યૂહરચના કામ કરી રહી છે.



જે ૨૪ દેશોમાં નિકાસ વધી હતી તેમાં કોરિયા, યુએઈ, જર્મની, ટોગો, ઈજિપ્ત, વિયેતનામ, ઈરાક, મેક્સિકો, રશિયા, કેન્યા, નાઈજીરીયા, કેનેડા, પોલેન્ડ, શ્રીલંકા, ઓમાન, થાઈલેન્ડ, બાંગ્લાદેશ, બ્રાઝિલ, બેલ્જિયમ, ઈટાલી અને તાંઝાનિયાનો સમાવેશ થાય છે. એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૫-૨૬ સુધીમાં આ દેશોમાં કુલ નિકાસ ૧૨૯.૩ બિલિયન ડોલર થઈ હતી, જે પાછલા વર્ષની સરખામણીમાં વધારો દર્શાવે છે. આ દેશો ભારતની કુલ નિકાસમાં ૫૯% હિસ્સો ધરાવે છે.

એકંદરે, એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન નિકાસ ૩.૦૨ ટકા વધીને ૨૨૦.૧૨ બિલિયન ડોલર થઈ હતી. આયાત પણ ૪.૫૩ ટકા વધીને ૩૭૫.૧૧ બિલિયન ડોલર થઈ હતી. જેના પરિણામે વેપાર ખાધ ૧૫૪.૯૯ બિલિયન ડોલર થઈ હતી. જોકે, નિકાસ ૧૬ દેશોમાં ઘટી હતી, જે ભારતની કુલ નિકાસના ૨૭ ટકા અથવા ૬૦.૩ બિલિયન ડોલર જેટલી છે.

ઊંચા ટેરિફને કારણે સપ્ટેમ્બરમાં અમેરિકામાં નિકાસ ૧૧.૯૩ ટકા ઘટીને ૫.૪૬ બિલિયન ડોલર થઈ હતી.





નુતન વર્ષાભિનંદન

Pankajsinh P. Vaghela Mo: 98252 20975

Pravinsinh N. Vaghela Mo: 98250 27675

VIJAY AUTOMOBILES

DEALERS: HINDUSTAN PETROLEUM CORPORATION LTD.
"Plot No. 12, Sector-11, "CH" Road, Gandhinagar. Ph: (0) 079-23230675, 23240629 (R) 07923220875

નુતન વર્ષાભિનંદન



રત્નાકર બીજલભાઈ નાંગર
( શિક્ષક-લેખક-કવિ-તંત્રી-પ્રકાશક )
C/o. બંસી પ્રકાશન - બોટાદ મો. 99247 12821

નુતન વર્ષાભિનંદન



ઉપપ્રમુખ, સુરેન્દ્રનગર જિલ્લા કોંગ્રેસ ઓ.બી.સી. ડિપાર્ટમેન્ટ.

પ્રમુખ, શ્રી શેખભાઈ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ- કોરડા

ટ્રસ્ટી શ્રી સરસ્વતી વિદ્યામંદિર- નાના પાળીયાદ

સુરેશભાઈ સવજીભાઈ શેખ

નુતન વર્ષાભિનંદન




નુતન વર્ષાભિનંદન

આવો...સૌ સાથે મળી માતૃભાષાને ગૌરવાન્વિત કરીએ.

માતૃભાષા શિક્ષણ કેન્દ્ર-બોટાદ

નૂતન વર્ષ સૌનાં જીવનમાં સુખ, સમૃદ્ધિ, યશ, આરોગ્ય અર્પે એવી દીપાવલી તેમજ નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ.

સંસ્થાની પ્રવૃત્તિઓ

બોટાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારનાં ધો.૧૦, ધો.૧૨ અને કોલેજનાં વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષા લેખનશુદ્ધિ અને વ્યાકરણ સજ્જતા શિબિરનું આયોજન
સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં વિદ્યાર્થીઓ માટે વ્યાકરણ સજ્જતા શિબિરનું આયોજન.
બોર્ડની પરીક્ષા અગાઉ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ જગાવવો અને પરીક્ષાનો ભય દૂર કરવો.
સાહિત્યપ્રેમી ભાવકો માટે 'સૂર, શબ્દ અને સાહિત્યની અમૃતધારા" નામે પખવાડિક સંગોષ્ઠિનું આયોજન.
વિદ્યાર્થીઓ માટે ગુજરાતનાં ખ્યાતનામ વક્તાઓનાં વક્તવ્યનું આયોજન.
ગુજરાતી સાહિત્યનાં સર્જકોની જયંતી/તિથિની ઉજવણી.
'પાંગરતી પ્રતિભા' શીર્ષક હેઠળ નવોદિત સર્જકોને મંચ આપવું.
ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સહયોગથી માતૃભાષા મહોત્સવની ઉજવણી.

પ્રા. વૈશાલીબહેન દવે
અધ્યક્ષા
માતૃભાષા શિક્ષણ કેન્દ્ર-બોટ

નુતન વર્ષાભિનંદન

Since1998
TRUPTI
Management Services Pvt. Ltd.
Grow with us

Equity market/mutual funds/IPO/SIP/Portfolio management/NRI services/Life & General insurance/Retirement & pension planning management/Child education planning""(J.K.Shah.director)"Mobile: +919898015056"Email: jkshah@truptimanagemant.com"Address: 504.Zion Prime.Thaltej.Ahmedabad-380059"44 GHB complex.Ankur Road.Naranpura.Ahmedabad-380013

નુતન વર્ષાભિનંદન

માતૃભાષા
શિક્ષણ કેન્દ્ર બોટાદ

નુતન વર્ષાભિનંદન

માતૃભાષા
શિક્ષણ કેન્દ્ર બોટાદ
સૂર, શબ્દ અને સાહિત્યની
અમૃતધારા

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NG: SSNO:153**
વિષયઃ" માનવજીવન ની સંઘર્ષ ગાથા"
શીર્ષકઃ" સંઘર્ષ ની આ વાત છે"
પ્રકારઃપધ્ય. શબ્દોઃ૧૪૦

મારાં દુઃખ,દર્દ અને સંઘર્ષ ની આ વાત છે,
વર્ષો વિત્યાં પછી આવેલ હર્ષ ની આ વાત છે.
૧૪ વર્ષ ની ઉંમરે પિતા નાં મૃત્યું પછી થઈ ગયેલ બધું નષ્ટ ની આ વાત છે,
જ્યાં સુધી મને જોબ ના મળી ત્યાં સુધી પડેલ કષ્ટ ની આ વાત છે,
મારી મા એ ઓટણ-બટન ટાંકી ને અમને મોટાં કર્યા ની આ વાત છે,
પોળ માંથી ફી અને ચોપડીઓ મળી અને અમે ભણી શક્યાં તેની આ વાત છે,
જોબ મળ્યાં પછી બધું ઠેકાણે પડ્યાં ની આ વાત છે,
પૌત્ર-પૌત્રીઓ ને એ સમજાવ્યું કે તમારી આવક નાં ૧૦% થી ૨૦% જરુરિયાતમંદ માટે વાપરજો ની આ વાત છે,
જો કો'કે ના વાપર્યાં હોત તો દાદા પોથી નાં રિંગણાં હોત તેવું સમજવાની આ વાત છે,
જીતેન્દ્ર શાહ "સુકાન્ત " (અમદાવાદ)

**NG: NOG SS NO 166**
વિષય :-"માનવ જીવનની સંઘર્ષગાથા"
શિર્ષક :-"જીંદગીની વ્યથા"
પ્રકાર. :- પદ્ય. શબ્દઃ- ૭૪

હદય વેદનાથી આજે સળગી રહ્યું છે,
તણખાંઓનો પણ ડર મુજને લાગે છે.

વિચારોનું મંથન ખૂબજ ચાલી રહ્યું છે.
નિરાશા મનમાં વ્યાપેલી મુજને લાગે છે.

હાલત મારી ખૂબજ ગંભીર બની છે,
જીંદગી હવે મુજને ભટકાવતી લાગે છે.

અચાનક આશાનું કિરણ ચમકી રહ્યું છે,
સુખની પળો મુજને અનુભવાતી લાગે છે.

તન મનનું આંગણ મારૂં મહેંકી ઉઠ્યું છે,
રોમ રોમ હર્ષથી લહેરાતું મુજને લાગે છે.

ભાગ્યોદય આજે મારો થયો છે "મુરલી",
સંઘર્ષભરી જીંદગીનો અંત મુજને લાગે છે.

રચનાઃ-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

**NG: NOGSS NO : 161**
વિષય : માનવજીવનની સંઘર્ષ યાત્રા
શિર્ષક : હું થી હું ની યાત્રા
પ્રકાર : લેખ શબ્દો : ૧૫૦

હા, હું. હું એટલે હું. હુ માંથી અમે ને અમે માંથી આપણે પણ બની ગઈ. ધીરે ધીરે હું ભૂંસાતુ ગયું. જીવન જીવતાં જીવતાં સંઘર્ષ પણ બહુ કર્યો. મારુ વજુદ મારું અસ્તિત્વ ખોવાતુ ગયું.' 'આપણા'ને સાચવવા તાપણે જાણે તપતી ગઈ. વિચારભૂવનમા જ્યારે એકાંત માણતી હોઊ ત્યારે, સમજણના પડાવથી માંડીને અત્યાર સુધીની યાત્રાની અંદર ડોકિયું કરી દીધું.
"ક્યાંય ખોવાઈ હું તો અમથી રે ,
સ્વજનમાં સ્વયંને શોધતી રહી,
પોતાપણાનો ક્યાંય ભાસ ના રહ્યો
ને મારામાં મુજને હું ખોજતી રહી!"
કંઈ કેટલુંય મેળવ્યું તો કંઈ કેટલુંય જતું પણ કર્યું. માનું છું અને જાણું છું કે જીવનના દરેક ક્ષેત્રે સફળતા માટે સંઘર્ષ ખૂબ જરૂરી છે. કદાચ કદિક સફળતા મળે કે ના મળે પરંતુ અનુભવ તો મળે જ છે. અનુભવનુ ભાથું બાંધતા બાંધતા એક પીઢ અને પ્રૌઢ અસ્તીત્વ ધરાવતી થઈ ગઈ. પહેલા આશીર્વાદ લેતી હતી, હવે આશીર્વાદ આપતી થઈ ગઈ. મારા માટે સમય કાઢવાનો સમય હવે મળવા માંડ્યો. ફરી પાછુ" હું એટલે હું" માં જીવવાનું મન થઈ આવ્યું. મારુ વજુદ પાછું મેળવવા મન છટપટી ઊઠ્યું.

પરંતુ હું ને પાછું મળવું હોય તો શું કરવું? "ફરતી ચોમેર ખૂણો શોધું છું હવે , ક્યાંક કો'ક ખૂણે હું સ્વયં ને પામુ!" મારા નાનકડા આકાશનાં ટૂકડામાંથી બહારની દુનિયામાં મીટ માંડી. બહારની દુનિયા કેટલી બદલાઈ ગઈ છે? શું હું આ જ દુનિયાની છું? મારી આસપાસ રહેતી દુનિયાની બહાર કેટલું વિશાળ ફલક છે! શું આ વિશાળતાને આંબવા મારા પગરવ નાના તો નહીં પડે ને ? મહેરામણમાં પડતાં એક બુંદની શી વિસાત? પરંતુ બુંદનાં સમૂહથી જ તો મહેરામણની વિશાળતા સંભવ છે!

"મમ્મી, તને લખવાનો કેટલો બધો શોખ છે? તે લખ્યું પણ ખૂબ! પણ હવે એ લખાણ તું દુનિયા સમક્ષ રજુ કર. તારી પુસ્તિકાઓ છપાવ. તારી આવડતને એક લેખિકા તરીકેનું નામ આપ." મારાં જ સંતાન મને આમ કહીને પ્રોત્સાહિત કરતા રહ્યા. મારી બહેન પણ હંમેશા મારા વજુદને ઢંઢોળતી રહી. છેવટે મને મારામાં 'હું' દ્રશ્યમાન થઈ. મારી નોટબુકમા મારી જ હસ્તલિખિત રચનાઓમાં ડોકિયું કર્યું તો મને મારું વજુદ પાછું મળી ગયું. બધુ સંકેલીને પુસ્તિકાઓ છપાવવા પણ આપી. ખૂબ બહોળો પ્રતિસાદ સાંપડયો. હાલમા પણ મેં મારૂં લેખનકાર્ય ચાલુ જ રાખ્યું છે. એક આછા પાતળાં લેખક તરીકેની યાદીમાં આજે મારું નામ ઉમેરાયું છે. અસ્તુઃ
◦◦◦ગ્રીષ્મા પંડ્યા ◦◦

**NG: NOGSS NO:158**
વિષયઃમાનવ જીવનની સંઘર્ષગાથા
શીર્ષકઃ સંઘર્ષથી સફળતા
પ્રકાર : પદ્ય શબ્દોઃ૧૦૬

મંઝિલ તેને મળે જે સંઘર્ષ કરતા હોય, અડગ મન પૂર્ણ શ્રદ્ધા?? વિશ્વાસ હોય,
જીવનમાં લડાઈ સ્વયં લડો,બીજાના ભરોસે ના બેસી રહો!

જિંદગીની શરૂઆત છે નિષ્ફળતા,સફળતાની ચાવી છે નિષ્ફળતા,
કંઈક કરવું છે એને મળે રસ્તા, કંઈ નથી કરવું એને મળે બહાનાં!

નસીબના ભરોસે ન બેસી રહો,પરિશ્રમ છે પારસમણી સંઘર્ષ કરો,
જીવવા સંઘર્ષ કરવો પડે,ધ્યેય?પ્રાપ્તિ જિંદગીમાં લડવું પડે!

જીવનમાં આવે તકલીફ, ન કદી થવું હતાશ, ધીરજ ના પણ મીઠા, ન થવું નિરાશ,
'પ્રેમ' જિંદગી સામે કદી ફરિયાદ ન કર, સંઘર્ષથી સફળતા સંઘર્ષ કર!

શ્રી પાલજીભાઈ વી રાઠોડ' પ્રેમ' આદરીયાણા (સુરેન્દ્રનગર)

**NG: NOG SS NO 167**
વિષયઃમાનવ જીવનની સંઘર્ષગાથા
શિર્ષકઃછે મજા
પ્રકારઃપદ્ય
શબ્દોઃ૮૧

ઝાંઝવા પાછળ મૃગને, ભટકવાની છે મજા,
દોડતા વાદળને તાકી, અટકવાની છે મજા.

રાખવા છે મન બધાંના, ત્યાં અલગની વાતથી,
આખરી સંબંધ, ધીરે બટકવાની છે મજા.

હોય દીવા સપનું, કે નક્કર ઈરાદાઓ ભલે,
સપનાવાળી આશમાં તો, લટકવાની છે મજા.

લાગણી ભીની હશે, ફૂટી ત્યાં તો કુંપળ હશે,
હોય દિલ પથ્થર ભલે, ત્યાં ધડકવાની છે મજા.

હોડના માહોલની, તારાઓ ને કયાંથી ખબર,
ના કોઈ નંબર, ને વ્યોમે ઝળકવાની છે મજા.

નરેન્દ્ર ત્રિવેદી(ભાવનગર)

**NG: NOGGS:226**
વિષયઃ માનવ જીવનની સંઘર્ષ ગાથા
શિર્ષકઃ જિંદગી સંઘર્ષ
રચનાઃ પદ્ય શબ્દોઃ૮૪

અંધકાર વચ્ચે આશનું દીપક જલાવે છે.
પગલા લડખડતાં છતાં માર્ગો બતાવે છે.

ઝંઝાવાતો સામે મન કદી ના ઝુકાવે છે.
પથ્થર બની ને પણ સપનાને સજાવે છે.

કંટક ભરેલા માર્ગ ઉપર હસી બતાવે છે.
દુઃખની વચ્ચે આનંદે મુખ એ ફુલાવે છે.

વરસાદ વચ્ચે સૂર્યના કિરણો દેખાડે છે.
હિંમતથી જીવનની નૌકા પાર ઉતારે છે.

દુઃખના ધુમ્મસે આશનો દીપ જલાવે છે.
વિશ્વાસની રોશની હૃદિયમાં પ્રગટાવે છે.

સંઘર્ષ જિંદગીનું અખંડ સત્ય જણાવે છે.
ને આત્માને પ્રકાશિત માર્ગ જ બતાવે છે.
સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'(અમેરિકા)

**NG: NOG SS NO :334**
વિષય :-"માનવ જીવનની સંઘર્ષગાથા"
શીર્ષક :- જાત ઘડવી છે...
પ્રકાર. :- પદ્ય. શબ્દઃ-૬૯
જાત ઘડવી છે....

નથી કોઈ પરવા નથી કોઈ ચિંતા,
સંઘર્ષ થકી મારે જાત ઘડવી છે.

ઝઝૂમવું મારે પૂરી તાકાત લગાડી,
જીવનને નવીન ભાત આપવી છે.

ઠોકરો ખાતાં ખાતાં નવું કલેવર જન્મે,
હાશકારો અનુભવવાની વાત કરવી છે.

કોણ કહે છે કે સફળતા મળતી નથી?
મહેનતના બળે મળે એ વાત કરવી છે.

પ્રસરાય છે ખુશ્બૂ આ વાતાવરણમાં,
ટમટમતા તારલે રંગીન રાત માણવી છે.

સૌંદર્યો પીને છે ખેવના અમૃતરસની,
મનભરી આ દિલને નિરાંત આપવી છે.

મહેશભાઈ રાઠોડ 'સ્નેહદીપ' હિંમતનગર

**NG: NOG.ss No. 213**
વિષય :- 'માનવજીવનની સંઘર્ષ ગાથા'
શીર્ષક :- 'લીલીછમ વાત'
પ્રકાર :- પદ્ય, (શબ્દો :-૧૧૮)

તું શાંત થઈ ને બેસ, તને લીલીછમ વાત કરું,
સિતારા ને ગગનની નહીં, ભૂતળની વાત કરું.

પડવાનો પ્રસવ એજ તો જીવનની શરૂવાત છે,
પૂનમથી અમાસ સુધીના, ધૂપ છાંવની વાત કરું.

જીવન એ સંઘર્ષ છે, તો જીતવું શું ને હારવું શું ?
મેં મર્દાનગીથી આ સમયને, સાંચવ્યાની વાત કરું.

રોજ બનતી ઘટનાઓના, સમાચાર જુના હોય છે,
ફક્ત આ તારીખ અને વાર બદલાયાની વાત કરું.

અહીં આ સરકતા સમયને, કોણ હલેસાં મારે છે ?
મેં સમયને સમજી ને, સાથ આપ્યાની વાત કરું.

ગતિ, પ્રગતિ ને અધોગતિ, સર્વ તારા જ હાથમાં છે,
સમયના સોનેરી રંગોને, સમજવાની તને વાત કરું.

તું એકવાર ખુલ્લા આકાશમાં, ઉડવાની કૌશિશ કરીલે,
પછી આ 'સ્વજને' સમયને સાથ આપ્યાની વાત કરું.

(કવિ શ્રી યોગેશભાઇ પંડ્યા ''સ્વજન'') (જૂનગઢ)

# સલામત ગણાતા બાયોમેટ્રિક બેન્ક એકાઉન્ટ્સને ભેદીને સાયબર ફ્રોડ, કચ્છમાં અડધા ડઝનથી વધુ કેસ



સાયબર ફ્રોડના અનેક કિસ્સાઓ બને છે તેમાં પાંચ વર્ષ પછી ફરી એક વખત સલામત ગણાતાં બાયોમેટ્રિક બેન્ક એકાઉન્ટસ ભેદીને સાયબર ફ્રોડ થવા લાગ્યાં છે. તાજેતરમાં જ કચ્છમાં આવા અડધો ડઝનથી વધુ કિસ્સા બની ચૂક્યાં છે. ગુજરાતના નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને ટાર્ગેટ કરવા માટે બાયોમેટ્રિક બેન્ક એકાઉન્ટસને ટાર્ગેટ કરાઈ રહ્યાંની મજબૂત આશંકા છે. ફીગરપ્રિન્ટ, ફેસ સ્કેન કે પછી વોઈસ પેટર્નથી ઓપરેટ થતાં બાયોમેટ્રિક બેન્ક એકાઉન્ટસનો ડેટા ગઠિયાઓ સુધી કઈ રીતે પહોંચે છે તે સૌથી મોટો સવાલ છે. સરકારી તંત્ર અને બેન્કોમાં આધુનિકીકરણ વચ્ચે ગુજરાતના સવા કરોડ રેશનકાર્ડ હોલ્ડર્સ ઉપરાંત બેન્કોમાં અપાતાં બાયોમેટ્રિક બેન્ક એકાઉન્ટસના ડેટા વેચાયાની પણ શંકા છે.

આ વર્ષે દિવાળી અગાઉ સાયબર ગઠિયાઓએ નાગરિકોના બાયોમેટ્રિક ડેટા ચોરીને તરખાટ મચાવ્યો છે. બાયોમેટ્રિક ફ્રોડના કિસ્સાઓમાં દિવાળીના તહેવારો પહેલાંથી ઉછાળો આવ્યો છે. કચ્છ જિલ્લામાં સત્તાવાર ફરિયાદો થઈ ચૂકી છે. બાયોમેટ્રિક ફ્રોડના મૂળમાં સરકારી તંત્ર અને બેન્કોનું આધુનિકીકરણ અને તેમાં રહેલી ત્રૂટીઓ કારણભૂત હોવાનો ઘટસ્ફોટ થઈ રહ્યો છે.

સરકારી તંત્રમાં ખાસ કરીને રેશનકાર્ડથી વિતરીત થતી ખાદ્ય અને અન્ય સામગ્રી માટે બાયોમેટ્રિક સિસ્ટમ અમલમાં છે. સાથે જ અનેક બેન્કો દ્વારા સરળ અને ઝડપી કાર્યપઘ્ધત માટે બાયોમેટ્રિક સિસ્ટમ અમલમાં મુકવામાં આવી છે. આ માટે બેન્ક ખાતેદારની ફીગરપ્રિન્ટ, ફેસ સ્કેન કે વોઈસ પેટર્ન પઘ્ધતિ અમલમાં મુકાયેલી છે. સાયબર ગઠિયાઓ બેન્ક ખાતેદારોની ફીગર પ્રિન્ટ ગમે ત્યાંથી ચોરી લે છે. એવી ચોંકાવનારી વિગતો છે કે, બેન્કો કે સરકારી ખાતાંઓમાં રજૂ કરાયેલી ફીગરપ્રિન્ટના ડેટા ચોરીને સાયબર ક્રાઈમ આચરતા તત્વો માર્કેટમાં રૂા. ૧૫૦૦૦ના ભાવે વેચાઈ રહ્યાં છે.

બાયોમેટ્રિક સિસ્ટમમાં ફીગરપ્રિન્ટ ઉપરાંત ફેસ સ્કેન પઘ્ધતિ પણ અમલમાં છે. સાયબર ગઠિયાઓ હવે માસ્ક કે થ્રી-ડી મોડેલ પઘ્ધતિનો અમલ કરીને બેન્કોની ચહેરા ઓળખતી સિસ્ટમને પણ મ્હાત આપી રહ્યાં છે. અમુક કિસ્સામાં વોઈસ પેટર્નથી પણ બેન્ક ખાતાં ઓપરેટ થતાં હોય છે તેમાં પણ હવે સાયબર ગઠિયાઓ ઘૂસી ચૂક્યાં હોવાનો ઘટસ્ફોટ થયો છે.

બેન્ક એકાઉન્ટ સાથે કનેક્ટેડ વોઈસ પેટર્નની કોપી કરીને કોમ્પ્યુટર ઉપર ખાસ પ્રોગ્રામ્સથી કમાન્ડ આપીને બેન્ક ખાતાંઓમાંથી પૈસા ચોરવામાં આવે છે. સાયબર ક્રાઈમના જાણકારોના મતે સરકારી કે બેન્કોના ડેટાબેઝ હેક કરીને કે તેમાંથી ચોરી કરીને સાયબર ગઠિયાઓ ફિંગરપ્રિન્ટ, ફેસિયલ સ્કેન કે વોઈસ પેટર્ન ચોરી રહ્યાં છે. ડાર્ક વેબ ઉપર સાયબર સ્કેમર્સને આ ડેટા વેચવામાં આવી રહ્યો છે. તો, આધાર કાર્ડ આધારિત પેમેન્ટ ગેટ-વેમાં ધુસીને પણ સાયબર ગઠિયાઓ પૈસા ચોરી જાય છે. પાસવર્ડ આધારિત બેન્કિંગ સિસ્ટમ કરતાં ફિંગરપ્રિન્ટ, ફેસ સ્કેન કે વોઈસ પેટર્ન આધારિત બેન્કિંગ સિસ્ટમ વધુ સલામત ગણાવાતી રહી છે. હવે સાયબર ચાંચિયાઓએ આ સલામત સિસ્ટમ સામે પણ અનેક સવાલો ઉભાં કર્યાં છે.

નોંધપાત્ર બાબત એ છે કે, પાંચેક વર્ષ અગાઉ ગુજરાતના અંદાજે સવા કરોડ રેશન કાર્ડધારકોનો ડેટા લિક કરીને સાયબર ગઠિયાઓના બજારમાં વેંચાઈ રહ્યાનો ઘટસ્ફોટ થયો હતો. સુરત પોલીસે આવા રેકેટને પકડી પણ પાડ્યું હતું. આ પછી ગુજરાત સરકારે રેશનકાર્ડ ધારકોનો ડેટા વધુ સલામત રહે અને રેશનની વસ્તુઓ ગેરકાયદેસર રીતે બજારમાં ધુસાડવાના અનેક કારસ્તાન પણ પકડી પાડ્યાં હતાં. પરંતુ, હવે સાયબર ગઠિયાઓ બેન્કોમાં જ જમા કરાવાયાં હોય તેવા બાયોમેટ્રિક ડેટા ભેદીને સાયબર ફ્રોડ આચરી રહ્યાં છે. આ પ્રકારના સાયબર ક્રાઈમ રોકવા માટે બેન્કોમાં જમા કરાવાયેલાં ફિંગરપ્રિન્ટ, ફેસ સ્કેન કે વોઈસ પેટર્નનો ઉપયોગ કરવા સાથે જ બેન્ક એકાઉન્ટના ઉપયોગ સમયે પાસવર્ડનો ઉપયોગ કરવો હિતાવહ છે. આ આધુનિક પઘ્ધતિઓ સાથે ઉપયોગમાં લેવાતાં પાસવર્ડ પણ સમયાંતરે બદલવાથી સાયબર ફ્રોડથી બચી શકાય છે.

માંડવીના એક મહિલા તબીબે બેન્ક ખાતું ખોલાવ્યું ત્યારે બાયોમેટ્રિક એકાઉન્ટ માટે થમ્બ ઈમ્પ્રેશન આપી હતી. પણ, બાયોમેટ્રિક ડેટા લિક થઈ ગયો અને તેમના ખાતામાંથી ૧૦,૦૦૦ રૂપિયા બિહારથી ઉપાડી લેવામાં આવ્યાં છે. ગત શુક્રવારે રાત્રે ઘટના બની તેની દસ જ મિનિટમાં જાગૃત મહિલા તબીબે કાર્યવાહી કરતાં પૈસા તો તેમના એકાઉન્ટમાં પરત આપી દેવામાં આવ્યાં છે. પણ, બેન્કે તેમનું એકાઉન્ટ તા.૬ ડિસેમ્બર સુધી હોલ્ડ ઉપર મુકી દેતાં નવી સમસ્યા સર્જાઈ છે.

કચ્છના નખત્રાણા, વિથોણ, લાયજા સહિતના ગામોના લોકો આ પ્રકારે બાયોમેટ્રિક છેતરપિંડીનો ભોગ બન્યાંની રજૂઆત માંડવી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ્રસ્ટ્રીઝ પ્રેરિત માંડવી સર્વાંગી વિકાસ પરિષદે લેખિતમાં એચડીએફસી બેન્ક ઉપરાંત કેન્દ્ર સરકારમાં પણ કરી છે.

રાજ્ય અને કેન્દ્ર સરકારની અનેક યોજનાઓના સરળ અને ઝડપી અમલીકરણ માટે બાયોમેટ્રિક ડેટા ફરજિયાત બનાવાયો છે. આ ઉપરાંત બેન્કોમાં પણ ગ્રાહકો સરળતાથી અને સલામત રીતે લેવડ-દેવડ કરી શકે તે માટે બાયોમેટ્રિક ડેટા સિસ્ટમ અમલી બનાવવામાં આવી છે. પરંતુ, સરકાર અને બેન્કો દ્વારા અમલમાં મુકાયેલી નવી પઘ્ધતિમાં પણ ધૂસી જઈને ઈ-ચિટર્સ આધાર કાર્ડ અને બાયોમેટ્રિક ડેટાને જોખમી બનાવી ચૂક્યાં છે. સરકાર અને બેન્કો હસ્તક રહેલી બાયોમેટ્રિક સિસ્ટમ અને તેના ડેટા જોખમમાં હોવાથી આ પઘ્ધતિ ફરજિયાતને બદલે મરજિયાત બનાવવા માટે પણ પ્રબળ માગણી ઉઠી છે.

બે વર્ષ અગાઉ ગુજરાતના દાહોદમાં ૧૦૦૦ લોકોની ફીગરપ્રિન્ટ મેળવીને પૈસાની હેરાફેરી કરવાનું કારસ્તાન પકડાયું હતું. સસ્તા અનાજથી દુકાન ઉપર આવતાં ગ્રાહકોના ફીગરપ્રિન્ટ મેળવી લઈ તેના આધારે ઓનલાઈન ડેટા મેળવીને લઈને બનાવટી ડોક્યુમેન્ટસ બનાવીને બેનામી બેન્ક ખાતાં ખોલીને તેમાં પૈસાની હેરાફેરીનું કારસ્તાન બે યુવકો ચલાવતાં હતાં. આધાર કાર્ડ આધારિત નામ, ફોટોગ્રાફ રાખી અન્ય વિગતો તેમજ મોબાઈલ નંબર બદલી નાંખી બે યુવકો બેન્ક ખાતાં ખોલીને બેનંબરી નાણાંની હેરાફેરીનું કારસ્તાન ચલાવતાં હતાં. એક જાગૃત મુળ બેન્ક ખાતાં ધારકને તેના ખાતામાં એક લાખ રૂપિયા આવ્યાની જાણ થતાં શંકા ગઈ હતી અને પોલીસનો સંપર્ક કરતાં આખું કૌભાંડ પ્રકાશમાં આવતાં પોલીસે કાર્યવાહી કરી હતી.

# જૂનાગઢમાં દિવાળીની મોડીરાત્રે ફટાકડાની નજીવી બાબતે માથાકૂટઃ યુવકનો ભોગ લેવાયો, ત્રણ શકમંદોની ધરપકડ




દિવાળીની રાત્રે જૂનાગઢમાં એક અત્યંત કરૂણ અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં ફટાકડા ફોડવા જેવી નજીવી બાબતે થયેલી માથાકૂટમાં ૨૮ વર્ષીય યુવક દિવ્યેશ ચૂડાસમા નામના યુવકે જીવ ગુમાવવો પડ્યો છે. મધુરમ રોડ પર થયેલા આ જીવલેણ હુમલાથી સમગ્ર શહેરમાં શોક અને આક્રોશની લાગણી ફેલાઈ ગઈ છે.પ્રાપ્ત માહિતી અનુસાર, દિવાળીની મોડીરાત્રે મધુરમ વિસ્તારમાં રોડની બંને બાજુએ લોકો ફટાકડા ફોડી રહ્યા હતા. આ દરમિયાન અમૂલ એપાર્ટમેન્ટ નજીક દિવ્યેશ ચૂડાસમાની ફટાકડા ફોડવા બાબતે એપાર્ટમેન્ટમાં રહેતી વ્યક્તિઓ સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ ઝઘડાએ જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું. ઉશ્કેરાયેલા એક મહિલા સહિત ત્રણથી વધુ હુમલાખોરોએ અચાનક દિવ્યેશ પર પાઈપ, ધોકા અને લાકડી જેવા ઘાતક હથિયારો વડે હુમલો કરી દીધો હતો.આ જીવલેણ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ૨૮ વર્ષીય દિવ્યેશ ચૂડાસમાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં દિવ્યેશના માથામાં તીક્ષ્ણ હથિયારના ઘા લાગ્યા હોવાનું બહાર આવ્યું છે. આ હુમલામાં દિવ્યેશનો મિત્ર નિશિત વાઘેલા પણ ઈજાગ્રસ્ત થયો હતો. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યારે મૃતક દિવ્યેશના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં મધુરમ રોડ પર લોકોના ટોળેટોળાં એકત્રિત થયા હતા, જેના કારણે વાતાવરણ તંગ બની ગયું હતુંઘટનાની ગંભીરતા જોતા પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે સ્થાનિકોની પૂછપરછ અને સીસીટીવી ફૂટેજના આધારે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. ગણતરીના કલાકોમાં જ આ હત્યાના કેસમાં એક મહિલા સહિતના ત્રણ શકમંદોની ધરપકડ કરવામાં આવી છે. ત્રણેય શકમંદોને વધુ પૂછપરછ માટે સી-ડિવિઝન પોલીસ મથકે લઈ જવામાં આવ્યા છે.મૃતક દિવ્યેશ ચૂડાસમા અને તેની માતા બે એકલા રહેતા હતા, દિવ્યેશ ખાનગી નોકરી કરીને ગુજરાન ચલાવતો. દિવાળી રાત્રે પુત્ર ગુમાવતાં માતા પર દુખનું આભ તૂટી પડ્યું છે. કારણ કે થોડા દિવસ પહેલાં જ દિવ્યેશના ભાઈએ આત્મહત્યા કરી જીવન ટુંકાવ્યું હતું, જ્યારે આ આઘાતમાં તેના પિતાનું પણ નિધન થયું હતું. હાલ માતા-પુત્ર એકલવાયુંજીવન જીવી રહ્યા હતા. ત્યારે હવે દિવાળીની રાત્રે એકના એક પુત્રના અકાળે મોતે વૃદ્ધ માતા પર આભ ફાટી પડ્યા જેવો ઘેરો આઘાત પહોંચાડ્યો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં પત્નીએ પતિ પર કર્યો એસિડ એટેકઃ અન્ય સ્ત્રી સાથેના આડા સંબંધની શંકાએ કર્યો હુમલો

અમદાવાદના સેટેલાઇટ વિસ્તારમાં દિવાળીના દિવસે (૨૦ ઓક્ટોબર) સંબંધોને શર્મસાર કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં પત્નીએ પોતાના પતિ પર જ એસિડથી હુમલો કર્યો છે. પતિના અન્ય સ્ત્રી સાથેના આડાસંબંધોની આશંકાએ રોષે ભરાયેલી પત્નીએ આ ખતરનાક કૃત્યને અંજામ આપ્યો હતો.

મળતી માહિતી મુજબ, સેટેલાઇટ વિસ્તારમાં રહેતા આ દંપતીના બે વર્ષ પહેલા પ્રેમલગ્ન થયા હતા. જોકે, છેલ્લા કેટલાક સમયથી પત્નીને તેના પતિના ચારિત્ર્ય પર શંકા હતી. તેને આશંકા હતી કે પતિના અન્ય સ્ત્રી સાથે અનૈતિક સંબંધો છે. આ જ વાતથી રોષે ભરાઈને પત્નીએ પોતાના પતિ




દિવાળીની રાત્રે જયારે પતિ સૂતો હતો, ત્યારે પહેલા તેના પર ગરમ પાણી નાખ્યું અને ત્યારબાદ એસિડનો હુમલો કરી દીધો. એસિડ એટેકના કારણે યુવક ગંભીર રીતે દાઝી ગયો હતો. તેને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જયાં તેની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે.આ ઘટના અંગે ઇજાગ્રસ્ત પતિએ પત્ની વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. સેટેલાઇટ પોલીસે ફરિયાદના આધારે ગુનો દાખલ કરીને હુમલો કરનાર પત્નીની ધરપકડ સહિતની વધુ કાયદાકીય તપાસ હાથ ધરી છે.

# જામનગર અને આસપાસના વિસ્તારમાં દિવાળીની રાત્રે ૩૦ સ્થળોએ લાગી આગ

જામનગર શહેર અને આસપાસના વિસ્તારમાં દિવાળીની રાત્રે ફટાકડાના કારણે આગ લાગવાના ૩૦ જેટલા બનાવો નોંધાયા હતા, જેના પગલે જામનગર મહાનગરપાલિકાનું ફાયરતંત્ર આખી રાત દોડતું રહ્યું હતું. સદભાગ્યે, ફાયર બ્રિગેડની સમયસરની કામગીરીને કારણે કોઈ જાનહાનિ કે મોટી નુકસાનીના અહેવાલો મળ્યા નથી.દિવાળીની રાત્રે સાંજે ૬ વાગ્યાથી લઈને વહેલી સવારે ૬ વાગ્યા સુધીના ૧૩ કલાકના સમયગાળા દરમિયાન આગ લાગવાની કુલ ૩૦ ઘટનાઓ બની હતી. આ તમામ બનાવો ફટાકડાના કારણે સર્જાયા હોવાનું







માનવામાં આવે છે.

ફાયર બ્રિગેડને સૌપ્રથમ આગની ઘટનાનો સંદેશો સાંજે ૭ વાગ્યે બેડી બંદર રોડ પર આવેલા તિરુપતિ પાર્ક-૧ માં મળ્યો હતો, જ્યાં ખુલ્લા પ્લોટમાં કચરાના ઢગલામાં આગ લાગી હતી. ત્યારબાદ, જનતા ફાટક રોડ પર કચરાના ઢગલામાં, હાપા પાસે મારુતિ સુઝુકી શોરૂમ નજીક એક ઝૂંપડામાં, દિગ્વિજય પ્લોટ નજીક હિંગળાજ ચોકમાં, અને જકાતનાકા પાસે કચરામાં આગ લાગવાના બનાવો બન્યા હતા.રાત્રિ દરમિયાન મોટાભાગના બનાવો ખુલ્લા પ્લોટમાં કચરાના ઢગલા, ઝાડી-ઝાંખરા અને ઝાડમાં આગ લાગવાના હતા. જોકે, બે મહત્વપૂર્ણ ઘટનાઓમાં ફાયરતંત્રની તત્પરતાથી મોટું નુકસાન થતું અટક્યું હતુંઃ

રાત્રે ૧:૧૦ વાગ્યે ન્યૂ સ્કૂલ પાસે આવેલા એક બિલ્ડીગના ચોથા માળે આવેલા જીમમાં આગ લાગી હતી, જ્યાં ફાયર બ્રિગેડે પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો. તો રાત્રે ૨:૪૨ વાગ્યે મોરકંડા ધાર પાસે એક દુકાનમાં આગ લાગી હતી, જ્યાં સમયસરની કાર્યવાહીથી નુકસાની થતી અટકી હતી. જ્યારે રાત્રે ૨:૩૫ વાગ્યે જે.જે. ટાવર પાસે એક મકાનમાં લાગેલી આગને પણ સમયસર કાબુમાં લઈ લેવામાં આવી હતી .જામનગર મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડ શાખાના ચીફ ફાયર ઓફિસર કે.કે. બિશ્નોઈની આગેવાનીમાં ૧૨૦થી વધુ ફાયરના જવાનોએ રાત્રિભર એલર્ટ મોડમાં રહીને જુદા જુદા ફાયર ફાઈટર સાથે દોડી જઈને તમામ ૩૦ સ્થળો પર આગ બુઝાવવાની કામગીરી કરી હતી.




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.